# ફૂલ તો એની ફોરમ ઢોળી રાજી

તમે આજે એક વિશાળ ઉપવનમાં પ્રવેશ કરી રહ્યા છો ત્યારે, તમે માત્ર વૃક્ષ-વેલી-છોડ-લતા ઉપર ઝૂલતાં કે ઝૂમતાં ફૂલ કે ફળ અથવા તેના નાનાં-મોટાં કૂંપળ-પાંદડાને જોઈ તેનાં રૂપ-રંગ-સુગંધ અને રોનકના વખાણથી અટકી ન જતાં, તેને તમારા પોતાના જીવન-ઉપવનમાં, વાવણી કરવા સુધી, મનને લંબાવજો.

અંદર જઈ પસાર થવાનું કરશો ત્યારે ઘણું બધું જોવા સમજવાનું અને જાણવાનું મળશે. એને માત્ર માહિતી-સંગ્રહના ઉમેરા માટે 'મને ખબર છે' તે ભાવને ઉપયોગમાં લઈ, ફુલાવાનું ન રાખતા. **જ્યાં, જે વાંચીને માથું સહેજ હલવા માંડે, આંખો પહોળી થાય, ત્યાં થોભી જજો ! શાન્ત ચિત્તે આંખો મીંચીને ઊંડાણમાં જજો !**

કયા લખાણથી, કયા વાચનથી કયો લાભ લઈ શકાય તેની મને કશી ગતાગમ નથી, પણ **તમે જેવા છો તેમાંથી કાંઈક વધુ સારા, વધુ સાચા બનવાની કોશિશ કરજો.** શબ્દો, શબ્દો જ ન રહે; તેને વધુ સારા બનવાના ખપમાં લેજો.

એ સમજણ પણ ભ્રમ વિનાની છે કે આવાં બધાં પુસ્તકોનું અસ્તિત્વ કાળ-મહારાજની વણથંભી વણઝારમાં તો એક ક્ષુદ્ર બિંદુ માત્ર છે.
- તે ગરમ તવા ઉપર પડશે તો 'છમ્' થઈને ઊડી જશે.
- કોઈક માહિતી-પ્રેમી વાચકના હૃદયે વસશે તો કમળપત્રનાં જળબિંદુને મોતીની ઉપમા મળે છે તેવું બનશે, અને
- **કોઈક ભદ્ર સ્વભાવી હૃદયને આ શબ્દોનો યોગ સાંપડશે તો તે અંદર જઈને તેને સત્-સન્મુખ બનાવશે – મોતી બનાવશે તો એમાં બિંદુની સાર્થકતા છે, ધન્યતા છે, ચિરંજીવિતા છે.**

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા ગ્રંથ-૧ ની પ્રસ્તાવના**
**"ફૂલ તો એની ફોરમ ઢોળી રાજી" નો (આંશિક) ભાગ**

# વિતેલી ઘટનાને કઈ રીતે વિચારીશું ?

વિક્રમની અઢારમી સદીમાં, ઉત્તર ગુજરાતના એક ગામમાં બનેલી એક ઘટના છે. જો કે આ ઘટના, કોઈ પણ સાલના, કોઈ પણ દિવસે, કોઈ પણ ગામમાં બની શકે છે.

એ ગામ હતું. સાવ નાનું ગામડું નહીં અને શહેર પણ નહીં એવું એ ગામ. ગામનું બજાર નાનું પણ રોજ સવારથી સાંજ સુધી ધમધમતું રહેતું. આજુબાજુના કેટલાંયે ગામડાંનું હટાણું હતું. આસપાસના ગામડાના સેંકડો માણસો પોતાના ગામની નીપજ - ચીજવસ્તુ અહીંની બજારમાં વેચવા લાવે. પોતાને જોઈતી ચીજવસ્તુ લેતા પણ જાય. આનું નામ હટાણું.

ગામમાં એક જ ઊભી બજાર પણ એના અલગ અલગ ભાગ. ઉગમણેથી ગામમાં પેસતાં પહેલાં જ ઘીની દુકાનો આવે. વચ્ચે ત્રણ ગાડાં ચાલી શકે એવો પહોળો રસ્તો. ઘીનું બજાર સોમવારે ભરાય. ગામડેથી ઘીના ગાડવા ભરી અનેક ભરવાડો, રબારીઓ ઘી વેચવા આવે. બજારમાં સામસામી ઘીના વેપારીઓની દુકાન.

શિયાળાના દિવસો હતા. આજે સોમવાર એટલે સવારથી જ ગામડેથી ભરવાડ વગેરે ઘીનાં દોણાં, બોઘરણાં લઈને, વધુ હોય તો ગાડવાથી ગાડું ભરીને આવવા લાગ્યાં. સવારનો કૂણો તડકો રેલાયો ને બજાર ઉભરાયું. ખૂલેલી ઘીની દુકાનો પાસે રોજિંદા ઘરાકો આવવા લાગ્યા. વેપારીઓ પણ એવા કુશળ; ઘીની પરખ એવી તો કરી જાણે કે ઘીના ગાડવામાંથી ઘીને અડકવું પણ ન પડે ! માત્ર નજર પડે ને કહી દે કે આ ચોખ્ખું છે, આમાં ભેગ છે.

પાસેના ગામડાનાં વશરામ અને રૂડી, અને એ જ ગામના ભરવાડવાસના, ખોડો અને રતન; બન્ને ધણી-ધણિયાણી. ગામમાંથી ઘણાં ગાડાં નીકળ્યાં એટલે ઘીના ગાડવા ભરી, પોતપોતાનાં ગાડાં જોડી, સારા શુકન જોઈને પોતે પણ નીકળ્યા. જોતજાતામાં ગામની બજારમાં આવી, વશરામ મીઠાભાઈની દુકાને અને ખોડાભાઈ જીવણભાઈની દુકાને ઊભા રહી ગયા. બન્નેની સામસામી દુકાન. વર્ષોથી એકબીજા પર વિશ્વાસ.

બાઈ માણસ, આ બાજુ રૂડી અને સામે દુકાને રતન, ગાડા પાસે ઊભા. અને વશરામ અને ખોડો દુકાનને ઓટલે ઊભા. બન્નેના ગાડામાં વીસ-બાવીસ ગાડવા હતા. ધણીયાણી ગાડામાંથી ગાડવો લઈને ધણીને આપે. ઓટલે ઊભેલો ધણી વેપારીને આપે. વેપારી જુએ, ચકાસે; સારું લાગે એ રાખે, કાગળમાં ટપકાવે. ઠીક ન લાગે એ બાજુએ રખાવે. આમ ક્રમ ચાલે. બન્ને સામસામી દુકાનોમાં આ સિલસિલો એકસરખો ચાલે.

***

બાર-તેર ગાડવા તો બરાબર અપાયા, મુકાયા, લખાયા. તે પછી એક ગાડવો રૂડીએ લઈ વશરામના હાથમાં મૂક્યો પણ શું બન્યું તે કોઈને ખ્યાલ ન રહ્યો ને ગાડવો દુકાનના ઓટલાની ધારે જ પડ્યો. તડાક્ દઈને ગાડવો ફૂટ્યો, ને શિયાળાનું જામેલું ઘી અને તેના દડબા ઊડીને પડ્યા.

રૂડી શરમાઈ, વશરામનું મોં પણ ઝંખવાયું. **એક ક્ષણ કોઈ કંઈ જ ન બોલ્યું. વળતી ક્ષણે જ રૂડી બોલી : મારા હાથ સ્હેજ ચીકણા થઈ ગયેલા એટલે આમ બન્યું.**

**વશરામ કહે : તેં તો આપ્યો પણ મારાથી જરા શરતચૂક થઈ ગઈ ને ગાડવો પડી ગયો. કંઈ નહીં હવે હું બરાબર ધ્યાન રાખીશ.**

બન્ને આમ બોલ્યા અને ગાડવા આપવા લેવાનું કામ પૂર્વવત્ ચાલ્યું. ગણતરીની મિનિટોમાં ગાડાનાં ગાડવા દુકાનમાં ઠલવાઈ ગયા, હિસાબ પણ થઈ ગયો. પૈસા ગણીને અપાઈ ગયા. વશરામ અને રૂડી ગામમાં બીજી ચીજ વસ્તુ ખરીદવાની હતી તેમાં મન પરોવીને ગાડું આગળ લઈ ગયા.

***

આ બાજુ રતન અને ખોડો મળીને ગાડું ખાલી કરતાં હતાં. રતનના હાથમાંથી ગાડવો છટક્યો, નીચે પડ્યો. ખોડાએ આ જોયું. એનું મગજ છટક્યું, **રતનને કહે : ગાડવો આપતાં ખ્યાલ તો રાખીએ, મેં લીધો છે કે નહીં ? બસ, આમ બેધ્યાનપણે આપવાનો ?**

સામે **રતન બોલી : મેં તો બરાબર આપ્યો હતો, પણ તમે જ રસ્તે જતાં લોકો સામે ટીકી ટીકીને જોતાં રહો એમાં હું શું કરું !**

બે વચ્ચે ચડભડ થઈ. બન્નેને ઊંચા અવાજે બોલતાં સાંભળી લોક તમાશો જોવા ભેગું થયું. રતન પણ આગળ પાછળની યાદ કરી કરી બોલતી રહી અને ખોડો પણ કાંઈ બાકી રાખે? બન્ને હાથ લાંબા લાંબા કરી થૂંક ઉડાડતા રહ્યા. ટોળે મળેલા લોકોએ આનો લાભ લઈ, ગાડાના ગાડવા પર હાથ અજમાવવા લાગ્યા! ફાવે તેમ ઘરભેગું કરવા લાગ્યાં.

બોલતાં ને બકતાં બન્ને થાક્યાં ત્યારે દુકાનદાર કહે : ભાઈ ! આ બધી ઘરની વાતો ઘરે કરજો. તમારું આ જોણું જોઈને મારા ઘરાક પાછા જાય છે. બંધ કરો.

શિયાળામાં યે રતન અને ખોડાને કપાળે પરસેવો વળેલો જોઈ દુકાનદારે કહ્યું : પાણી પીઓ અને ટાઢા થાઓ.

પાણી પીને જેવી રતન ગાડા તરફ વળી ત્યાં તો એના મનમાં ફાળ પડી. ગાડામાં એકેય ગાડવું નહીં!

હેં ! બધા ગાડવા કોણ લઈ ગયું ? દુકાનદારે ભેગાં થયેલા લોકોને ભગાડ્યાં : જાવ ! અહીં કશું નથી. દુકાનદારે હિસાબ કર્યો : તેર ગાડવાના પૈસા આપવાના થયા. વીલે માઢે પગ પછાડતાં અને બબડાટ કરતાં, ખોડાએ પૈસા ગજવામાં મૂક્યા : તેવીસ ગાડવા લાવ્યો હતો તેના આટલા પૈસા આવશે, તેમાંથી આવું આવું લઈશું.

એના ઓરતા ને મનસૂબા બધા ધૂળમાં મળ્યા ! મન ખાટું થયું : ચાલો, હવે કંઈ બજારમાં જવું નથી. જલદી ગામભેગાં થઈએ. ધોળી પૂણી જેવા મોંએ ગામની વાટ પકડી ઘર ભણી રવાના થઈ ગયા.

***

આ વાત અહીં પૂરી થાય છે. પણ આપણું કામ અહીંથી જ શરું થાય છે. **કથા-પ્રસંગ માત્ર કુતૂહલ સંતોષવાના પ્રયોજનથી નથી જોવાનો.** જીવનને ઉજમાળ કરતાં બે નરદમ સત્ય અહીં ઉપલબ્ધ થાય છે તેને સમજવાનું આપણું પ્રયોજન છે.

જૂની વીતક વાતોને ઉખેળીને, બની ગયેલી ઘટનામાં જ અટકીને કે અટવાઈને શું પ્રાપ્ત થાય છે ? **ઘટના જેવી બની કે તેની જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારી, તેમાંથી થયેલી ભૂલ ફરી ન થાય તેની કાળજી રાખવાના વિચારને સ્થિર કરી આગળ વધીએ તો શું પ્રાપ્ત થાય** તે આ કથાના સંદર્ભે વિચારવું છે.

પ્રથમ એ વિચારવું છે કે આ કથા-પ્રસંગ જેવું આપણા જીવનમાં પણ બનતું હોય છે, ત્યારે આપણી ભૂમિકા વશરામ-રૂડીની છે કે ખોડા-રતનની છે ? **આત્મનિરીક્ષણ કરીએ અને આપણા જીવનની ઘટનામાંથી શો બોધ લઈએ ? બનેલા બનાવોમાં આપણી વિચારધારામાં કે દૃષ્ટિકોણમાં ફેરફાર કરીએ છીએ?** આટલા પ્રશ્નો વિચારવા માટે રાખીએ અને પ્રસંગના નિષ્કર્ષને ગાંઠે બાંધી લઈએ.

જો આણે આમ કર્યું હોત, જો આમ ન કર્યું હોત; આ બનાવ આ રીતે નહીં પણ આ રીતે બન્યો હોત તો આમ પરિણામ આવત. આવા હિસાબ કે ગણતરીમાં મન-મગજ-સમય-શક્તિ ખર્ચવા તે માત્ર મૂર્ખતા છે. **નુકસાનીના બનાવમાં અટકી જવાથી કે તેને અંગે ચિંતા કરવાથી માત્ર રાગદ્વેષની વૃદ્ધિ જ થાય છે, જે હાથમાં નથી તે ભવિષ્યની વિચારણામાં જ ડૂબેલા રહેવાથી પુરુષાર્થની હાનિ જ થાય છે.** આ બન્ને પ્રકારની વિચારણા વિધેયાત્મક શક્તિનો હ્રાસ કરનારી છે.

**બની ગયેલી ઘટનાને બળતરા સાથે ઘૂંટવાથી, ઘૂંટી ઘૂંટી ઘેરી બનાવવાથી તે વ્યક્તિ પ્રત્યે દ્વેષ પેદા થાય છે. જે નકારાત્મક લાગણી ઉત્પન્ન થઈ તેનાથી જીવનઉર્જાનું અધોગમન થાય છે.** કાંઈ પણ લાભ થવાને બદલે નુકસાન જ થાય છે, તેથી ચિત્તને એવું કેળવવું જોઈએ કે એ આવા વિચારમાં રોકાય જ નહીં.

આવે વખતે ચિત્તને શાન્તિમાં રાખવા નિયતિવાદનો, ભવિતવ્યતાનો સહારો લેવાનો; એ કાળે ઘટના બનવાની હતી તે બની, હવે તેનો શોક, સંતાપ કે વિષાદ શા માટે ?

જે ઘટના બની નથી તેને માટે નિયતિવાદનો સહારો લેવાનો નથી. જો તેમ કરીશું તો પુરુષાર્થની હાનિ થઈ જશે. **"જે કાળે બનવાનું છે તે બનશે જ" એમ બોલવાનું કે વિચારવાનું નથી પણ "જે કાળે બનવાનું હતું તે બન્યું."** હવે નવેસરથી પુરુષાર્થ કરીશું તો જે ધારીશું તે બનશે એમ વિચારીને પુરુષાર્થને સતેજ બનાવવાનો છે.

**રાગદ્વેષની વૃદ્ધિ નથી કરવાની અને પુરુષાર્થની હાનિ નથી કરવાની, એવા વિચારો કરવાથી શક્તિનું ઊર્ધ્વીકરણ થાય છે.** ચિત્ત અકારણ પ્રસન્ન રહે છે.

**ઘટના ગમે તેવી હોય, તેને જોવાની આપણી દૃષ્ટિ સવળી હોય તો દેખીતી રીતે દુઃખદ દેખાતી ઘટના પણ આપણા માટે સુખદ બની જાય.**

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૩**

# સુખની ચાવી - આપણા જ હાથમાં

**આપણા જીવનનાં મોટા ભાગનાં દુઃખો આપણે જ નોંતરેલાં છે અને આપણે જ ઊભા કરેલાં, આપણે જ ઉછેરેલાં હોય છે.** તેના બે કારણો હોઈ શકે, અદૃષ્ટ કારણ અને દૃષ્ટ કારણ.

**અદૃષ્ટ કારણમાં તો આપણે ભાગ્ય અને કર્મને નિમિત્ત માની લઈએ છીએ. જ્યારે દૃષ્ટ કારણમાં તો આપણે સ્વયં જવાબદાર હોઈએ છીએ.** આમેય આપણા સ્વભાવને કારણે આપણા જીવનમાં સુખ અને સુખનાં કારણો કરતાં દુઃખ અને દુઃખનાં કારણો વધુ જ મળવાના.

**છે માનવી જીવનની ઘટમાળ એવી,**
**દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી.**

શરીરના રોગો અને એવાં એવાં દુઃખ, જીવન જીવવાની આપણી અણઆવડત અને આરોગ્યના નિયમોની અણસમજની જ નીપજ છે ! મોટા અને ભારે રોગોમાં પૂર્વે બાંધેલાં કર્મ પણ નિમિત્ત બનતાં હોય છે. જ્યારે, **મનની ચંચળતાને કારણે, ખોટા દૃષ્ટિકોણને કારણે, ખોટી રીતે વિચારવાની ટેવને કારણે ઊભા થતાં દુઃખો તો પારાવાર છે, ઢગલાબંધ છે !**

**જે રીતે વિચારવાથી સુખ ઊપજે એવી રીતે વિચારવાની ટેવ પાડીએ તો આપણે વિષમ પરિસ્થિતિમાં પણ દુઃખી દુઃખી થઈ જવાને બદલે સ્વસ્થ રહી શકીએ.** સુખ શોધવાની એક અ-લૌકિક દૃષ્ટિ ઉઘડી જાય તો સર્વત્ર સુખની સૃષ્ટિનું નિર્માણ થઈ જાય.

લૌકિક રીતે ભલે જીવનનાં તમામ સુખચેનને હરી લેનાર ઘટના બને ત્યારે પણ તેમાં ક્યાંક છુપાયેલા, લપાયેલા એક સુખ નામના પ્રદેશને શોધી લે છે. જેમકે ભક્ત કવિ નરસિંહ મહેતાના જીવનમાં બનેલી દુઃખદાયક ઘટનાને પોતે **'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ'** - એ શબ્દોમાં નવાજે છે.

આપણે એટલી ઊંચી અપેક્ષા આપણી જાત પાસેથી ભલે ન રાખીએ, તોયે એવી એક વિચારસરણી જરૂર ખીલવી શકીએ કે : **જે કાંઇ બન્યું હોય તે ભલે બન્યું; તેનાથી વધારે અનિષ્ટ તો નથી બન્યું ને !**

આ નજરથી જોઈને હળવાશ અનુભવવાનું આપણે જરૂર શીખી શકીએ. જુઓને ! આ નાનકડો પ્રસંગ આવું જ શીખવે છે ને ?

એક શહેરમાં એક નોકરિયાત ભાઈ હતા. સીધું સાદું એમનું જીવન ! માતા, પત્ની અને ત્રણ બાળકોનો એમનો પરિવાર. નામું લખવામાં એ ભાઈ નિષ્ણાત હતા. રૂપિયા સાતસો નો પગાર, દર મહિનાની સાતમી તારીખે મળે. રોજ નિયત સમયે નોકરીએ બસમાં જવાનું અને નિયત સમયે બસમાં ઘરે આવવાનું. જાણે, 'નિશાળેથી નીસરી જવું પાંસરું ઘેર.' આડે અવળે ક્યાંયે એમની બેઠક નહીં. એકવાર સાતમીએ પગાર થઈ ગયા પછીના દિવસે એક ઘટના બની.

રોજના ક્રમ મુજબ બસમાં સાંજે ઘેર આવવા નીકળ્યા. રોજ જ્યાં બેસતાં ત્યાં જ બેઠક મળી. ઘર નજીકનું સ્ટોપ આવ્યું ત્યાં ઊતર્યા. ઘેર આવ્યા. પત્ની રસોડામાં સાંજની રસોઈ કરી રહ્યાં હતાં, ભાખરી વણવાનું કામ ચાલતું હતું.

ભાઈ ઘરમાં દાખલ થયા. ઝભ્ભામાંથી  ચશ્મા, પાકીટ કાઢવા હાથ ગજવામાં નાખ્યો તો હાથ જ સીધો બહાર આવ્યો ! રસોડામાંથી પત્નીની નજર પણ પડી; હાથ બહાર નીકળેલો જોઇને પત્નીના હૃદયમાં ફાળ પડી. પરંતુ ભાઈ તો ખડખડાટ હસવા લાગ્યા ! એ જોઈ, પત્નીને ગુસ્સો આવ્યો, કહે :

એક તો ખીસ્સું કપાયું અને તમને હસવું આવે છે ?

ભાઈ કહે : હું હસું નહીં તો બીજું શું કરું ? **જે થયું તે સારું જ થયું. આજે બન્યું એને બદલે કાલે બન્યું હોત તો કેવી મુશ્કેલી થાત ?** ગઈ કાલે મારા આ જ ગજવામાં આખા મહિનાનો પગાર હતો. આજે માત્ર સાત રૂપિયા અને વાંચવાના ચશ્મા જ હતાં. આટલેથી પત્યું એટલે મને હસવું આવ્યું.

એમના પત્નીની જેમ આપણે સહુ, આવું કાંઈ બને ત્યારે અકળાઈ જઈએ છીએ. ચિંતાથી મોં કરમાઈ જાય છે. જ્યારે આ ભાઈએ આ જ ઘટનાને એવા એંગલથી જોઈ, હળવાશથી મૂલવી કે, તેને દુઃખને બદલે સુખનો અનુભવ થયો. **જીવનમાં આવું બને ત્યારે આપણે પણ, 'વધુ નુકસાનથી બચી ગયા' એવું વિચારીને 'શૂળીનું સોયે સર્યું' એમ મનને વાળીએ તો હળવાશનો અનુભવ આપણને પણ થાય.**

**ઘટનાને જોવાની દૃષ્ટિનો, મૂલવવાની દૃષ્ટિનો મહિમા છે.** પ્યાલામાં થોડું પાણી ભરેલું હોય એને બે રીતે જોઈ શકાય. કોઈ કહેશે, પ્યાલો અર્ધો ભરેલો છે. કોઈ કહેશે અર્ધો ખાલી છે. બન્ને સાચા છે, છતાં આપણને ખાલીમાં રસ નથી પણ અર્ધા ભરેલામાં રસ છે. **પ્રયત્ન કરવાથી આ દૃષ્ટિ કેળવી શકાય છે. એ માટે આપણી પાસે સંતોષવૃત્તિની મૂડી હોવી જરૂરી છે.**

**સંતુષ્ટ મનોવૃત્તિ હોય તો જે કાંઈ પ્રાપ્ત થયું હોય તે ઓછું નહીં લાગે, વધારે જ લાગશે.** ફરિયાદ કે અફસોસને અવકાશ નહીં રહે. **ખરેખર તો આપણને આપણી લાયકાતથી વધુ જ મળતું હોય છે.** આપણે એને કઈ અપેક્ષાએ મૂલવીએ છીએ એ વધારે મહત્ત્વનું છે. બે હજાર રૂપિયાની આવકવાળો વેપારી જો હજાર-પંદરસોની આવકવાળાને નજર સમક્ષ રાખી વિચારે તો પોતાની આવક વધારે લાગશે. પરંતુ પાંચ હજારની આવકવાળાને સામે રાખે તો પોતાની આવક ઓછી જ લાગશે. આવક વધુ લાગે તો પોતાને સુખી માને અને ઓછી લાગે તો પોતાને દુઃખી માને. આમ સુખ દુઃખ એ એક માન્યતા જ છે.

**સુખી થવું કે દુઃખી થવું એ પોતે જ નક્કી કરવાનું છે. આપણી દૃષ્ટિ પ્રમાણે જ સૃષ્ટિ રચાય છે.** એક નવયુવાન શ્રાવણી મેળામાં જઈ રહ્યો હતો. રસ્તે સેંકડો નરનારીઓને આનંદમાં રાચતાં અને નાચતાં જતાં જોયાં. અચાનક એની નજર એ બધાના પગ તરફ ગઈ અને મન વિષાદથી ભરાઈ ગયું... આ...હા... આ હું શું જોઈ રહ્યો છું ? કોઈ માણસ એવું ન હતું કે જેના પગમાં પગરખાં ન હોય. કોઈના પગમાં બુટ, તો કોઈના પગમાં ચંપલ, સેંડલ, સ્લીપર... બસ, હું એક અભાગી કે મારા પગ, પગરખાં વિનાના અડવા. હું જ ઉઘાડપગો !

બધાના પગ પરથી એની નજર હટે નહીં. કોઈના નવાનક્કોર, કોઈના ફેશનેબલ છે. જોતો જાય અને બળતો જાય. એમ કરતાં તો મેળો આવી ગયો. જાત જાતની દુકાનો ભરાઈ છે, રમકડાંની, ખાણીપીણીની, નાનામોટા ચકડોળ અને ચરકડીઓ છે. આ બધું જોતાં એની નજર એની નાની ગાડલીમાં સૂતેલા માણસ પર પડી અને તે ચમક્યો ! આ શું ? આને તો પગ જ નથી. અને છતાં આનંદથી મેળો માણી રહ્યો છે ! જાણે કે પહેલીવાર આ બધું નિહાળી રહ્યો હોય એવો આનંદ એના મોં પર છલકાઈ રહ્યો છે ! ક્ષણવારમાં આ આનંદનો ચેપ આ ઉઘાડપગાને લાગ્યો. વિષાદને સ્થાને આનંદ ! આ તે કેવું જાદું ? ઉઘાડપગાને થયું : આને તો પગ છે જ નહીં ! મારા પગ તો સાબૂત છે. પગ છે તો પગરખાં પણ મળશે.

આવા રસ્તા છે સુખી કે દુઃખી થવાના. **ઈશ્વરે મને ઘણું આપ્યું છે એ ભાવ સતત રમતા રહે તો સુખ જ સુખ છે.** આપણે ગમે તે પગથિયે ઊભા હોઈએ, નીચે જોઈશું તો આપણે ઊંચાઈ પર હોવાનો અનુભવ થશે. **જ્યારે ઊંચે નજર પડે ત્યારે અભાવનો અનુભવ કરવાને બદલે, એ રસ્તો દેખાયો છે માટે ત્યાં જવાની પ્રેરણા પામવી.** નજર ક્યાં અને કેવી રીતે ઠેરવવી એ આપણે નક્કી કરવાનું છે.

**ધર્મના અને સદ્-ભાવના ક્ષેત્રમાં ઊંચી ભૂમિકાવાળા જીવોને નજર સમક્ષ રાખવા અને સંસારના ક્ષેત્રમાં નિમ્ન સ્તરે રહેલાં જીવોને જોવા.**

**ધર્મમાં ઊંચે જોવાથી પ્રેરણા મળે છે. જ્યારે સંસારમાં નીચેનાને જોવાથી દીનતા ન આવે તથા તૃષ્ણા કાબૂમાં રહે.** આવો અભિગમ કેળવવાથી જીવનમાં તટસ્થતા આવે છે.

આ અભિગમ કેળવવા, સંતુષ્ટ મનોવૃત્તિ જરૂરી છે. થોડું આગળ વિચારીએ. **આપણને જે કાંઈ મળ્યું છે તે આપણી લાયકાતથી વધારે છે અને સારું પણ છે. આ માટે પ્રભુનો અનહદ ઉપકાર છે.** આટલા વિચાર દૃઢ કરવા માટે સમજણના સીમાડા વિસ્તારવા જોઈએ. પંચતંત્રની એક સરળ વાર્તાનો આધાર લઈએ. દાદા દાદીએ નાનપણમાં આ વાતો કહી આ સમજણ આપણામાં રોપેલી છે જ.

અડાબીડ નિર્જન જંગલમાં ઘણાં બધાં પશુ પક્ષીઓ નિર્ભયતાથી રહેતા. તેમાં એક હૃષ્ટપુષ્ટ સાબર બપોરની શાંત વેળાએ નાના તળાવમાંથી નિરાંતે પાણી પીતું હતું. પાણી પીતાં તેની નજર, પાણીમાં દેખાતા પોતાના શીંગડા પર પડી. અહા ! કેવા મરોડદાર લાંબાં અને અણીયાળાં શીંગડાં છે ! વળી કપાળ પર નજર ગઇ. કેવી મુલાયમ રુંવાટી ! સ્થિર અને નિર્મળ પાણીમાં સૂર્ય પ્રકાશથી ચળકતાં સ્વચ્છ પ્રતિબિંબ જોઈને તો મોહ થાય જ ને ! લાંબી અને અણિયાળી આંખો કામણગારી લાગી. સુડોળ અને ઘાટીલું પેટ જોઇ મોં મલકાયું.

છેવટે પગ તરફ નજર ગઇ. મોં મચકોડ્યું. અરરર.... ભગવાને આટલી સુંદરતા આપી પણ પગ આપવામાં કેવી કંજૂસાઇ કરી ? વાંકાચૂકા અને ખડબચડાં પગ. કેવા કદરૂપા ! અરે ભગવાન ! આ તે શું કર્યું ?

આવા વિચારોમાં અટવાયું હતું એવામાં સનનન કરતું એક તીર એના ચાર પગ વચ્ચેથી પસાર થયું. સાબર ચોંકી ગયું. તત્ક્ષણ ખ્યાલ આવી ગયો કે કોઈ શિકારી તેને મારવા પાછળ પડ્યો છે. પળવારમાં જીવ બચાવવા દોડ્યું. મોટી મોટી છલાંગો ભરતું ઘડીભરમાં તો જંગલમાં ઊંડે દોડી ગયું. હવે શિકારી કે એનું બાણ અહીં નહીં પહોંચે. થોડીવાર પડી રહ્યું. ડરની સાથે થાક, ભૂખ, તરસ ભેગાં થયાં હતાં. નજીક એક નાની તલાવડી હતી. ત્યાં જઇ પાણી પીતાં વળી પોતાનું પ્રતિબિંબ જોયું. આ સુંદરતા થોડીવાર પહેલાં જ જોઇ હતી. પગ તરફ નજર જતાં જ, ધિક્કારની લાગણી હવે ધન્યતામાં ફેરવાઈ ગઈ. મારા આ ખડબચડા લાગતા પગે જ મને આજે બચાવ્યો ! મારી સુંદરતા જોઇને જ શિકારીએ મારો પીછો કર્યો હતો. હાશ ! હું બચી ગયો. મારા આ પગ કેવા સુંદર છે ! અરે ! બધાથી સુંદર છે.

આપણે આ જ સારવવાનું છે. **કુદરતે જે કાંઈ આપ્યું છે તે ગણતરીપૂર્વક જ આપ્યું છે, પૂરતું આપ્યું છે. ઉપયોગમાં લઈ શકીએ એથી તો વધું જ આપ્યું છે.**

આપણને સામેનો કિનારો રળિયામણો દેખાય; બાજુના ભાણામાંનો લાડવો મોટો દેખાય એ આપણી સમજદારીની કચાશ છે. ખામીઓ જોતાં રહીએ તો ખૂબી ક્યાંથી દેખાય ? માટે **આપણી અંદર રહેલી ખૂબીઓ સમજવી અને વિકસાવવી એમાં જ આપણી ભલાઈ છે. બીજાને જે મળ્યું છે તે બીજાને મુબારક. મને મળ્યું છે એ જ મારે માટે પ્રમાણ.**

**અમર મરંતો પેખીયો, ભીખંતો ધનપાલ !**
**લખમી છાણાં વીણતી, ભલો મારો ઠંઠણપાળ !**

સુખી થવાની આ ચાવી છે અને તે આપણી પાસે છે.

**- પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ**
**પાઠશાળા અંક ૦૪**